
# કોમી હિંસાને રોકવાની રાજ્યોની પ્રાથમિક જવાબદારી

## એનઆઈસીની બેઠકમાં વડાપ્રધાનનું સંબોધન : નબળા વર્ગની સલામતી જરૂરી

નવી દિલ્હી,તા. ૨૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે સવારે નેશનલ ઈન્ટેગેશન કાઉન્સીલની બેઠક (એનઆઈસી)માં વડાપ્રધાન મનમોહનસિંહે સંબોધન કરતા સલામતી અને સુરક્ષા સાથે સંબંધિત તમામ મુદ્દાઓ ઉઠાવ્યા હતા. સાથે સાથે કોમવાદી હિંસાના સંબંધમાં ચિંતા વ્યકત કરી હતી.મનમોહનસિંહે કહ્યુ હતુ કે કોમી હિંસાને રોકવાની જવબદારી રાજ્યોની છે. કોમી હિંસાના બનાવો સામે મક્કમતાપૂર્વક કાર્યવાહી કરવા સિંહે હાકલ કરી હતી સાથે સાથે હિંસા ફેલાવતા અને



ઉશ્કેરણી કરનાર સામે તીવ્ર પગલા લેવા તેમણે સૂચન કર્યુ હતુ. વડાપ્રધાન મનમોહનસિંહે મહિલાઓ સામે ગુનાઓમાં સતત થઈ રહેલા વધારા અંગે ચિંતા વ્યક્ત કરીને આવા બનાવોને વખોડી કાઢ્યા હતા. વડાપ્રધાને નિખાલસ કબૂલાત કરી હતી કે ભારતમાં બળાત્કારના કેસોમાં ચિંતાજનક વધારો થયો છે. બળાત્કારના વધતાં કેસો શરમજનક છે. મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે કાયદાઓમાં પણ ફેરફાર કરાયા છે. તેમણે ઉમેર્યું હતું કે સમાજના નબળા વર્ગો સામે હિંસાના કેસોમાં વધારો શરમજનક બાબત છે. વડાપ્રધાને ઉત્તર પ્રદેશના મુજફ્ફરનગરમાં હાલમાં ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે રાજ્યોએ ઝડપથી કોમવાદી હિંસાને રોકવા પગલાં લેવા જોઈએ. આજની મિટીંગ એવા સમયે યોજાઈ હતી જ્યારે મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસામાં ૪૮ લોકોના મોત થઈ ચૂક્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે તાજેતરના સમયમાં ભારતના જુદા જુદા ભાગોમાં કોમી હિંસાના બનાવો બન્યા છે જેમાં કિસ્તવાર, હૈદરાબાદ અને હવે મુજફ્ફરનગરનો સમાવેશ થાય છે. રાજ્યોએ કોમી હિંસા સામે ઝડપથી લડવાની જરૂર છે. સ્થાનિક વહીવટી તંત્રએ આ હિંસા અન્ય વિસ્તારમાં ન ફેલાય તે માટે તાકિદે પગલાં લેવા જોઈએ. રમખાણોને ઉશ્કેરવામાં ભૂમિકા ભજવી રહેલા તથા રાજકીય સંગઠનો સામે કઠોર અને ઝડપી પગલાં લેવા વડાપ્રધાને અપીલ કરી હતી. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે સરકારોએ કોમી હિંસા ફેલાવનાર સામે કઠોર પગલાં લઈને દાખલા બેસાડવા જોઈએ. તેઓ મુખ્ય પ્રવાહમાં સામેલ નથી તેવો અનુભવ કોઈપણ નબળા વર્ગને થાય તેવી સ્થિતિ સર્જાવી જોઈએ નહીં. વડાપ્રધાને કબૂલાત કરી હતી કે એસસી અને એસટી સામે હિંસામાં વધારો થયો છે. ભારત માટે આ ચિંતાજનક બાબત છે. જ્યારે કોઈપણ દહેશત વગર મહિલાઓ જાહેર સ્થળો ઉપર જઈ શકશે ત્યારે જ દેશની પ્રગતિ થઈ શકશે. ભારતમાં બળાત્કારના કેસોમાં વધારો થઈ રહ્યો છે જે શરમજનક મામલો છે. મહિલાઓની સલામતી અને સુરક્ષાની ખાતરી કરવા માટે અમે કાયદાઓમાં ફેરફાર કરી ચૂક્યા છીએ. સોસિયલ મીડિયાનો દુરુપયોગ રોકવામાં આવે તે જરૂરી છે. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે મુજફ્ફરનગરમાં સાંપ્રદાયિક હિંસા વેળા બનાવટી વીડિયોનો ઉપયોગ કરાયો હતો જેના લીધે અફવાઓ ફેલાઈ હતી.

### એનઆઈસીની મિટીંગમાં નરેન્દ્ર મોદી હાજર ન રહ્યા

નવી દિલ્હી,તા. ૨૩

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં યોજાયેલી એનઆઈસીની બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા. મોદીની ગેરહાજરીને લઈને રાજકીય વર્તુળોમાં તર્કવિતર્કોનો દોર જારી રહ્યો હતો. ઉત્તર પ્રદેશમાં મુજફ્ફરનગરમાં ભડકેલી સાંપ્રદાયિક હિંસાના અનુસંધાનમાં એનઆઈસીની બેઠક બોલાવવામાં આવી હતી. એક દિવસની આ બેઠકમાં કોમી એકતાને વધારવાના જુદા જુદા પગલાં ઉપર ચર્ચા કરાઈ હતી. આ ઉપરાંત સોસિયલ નેટવર્કિંગ સાઈટોની ભૂમિકાના પ્રશ્ને પણ ચર્ચા કરાઈ હતી. વિશ્વાસનિર્માણના પગલા ઉપર પણ બેઠકમાં વાતચીત કરવામાં આવી હતી.

## વિકાસ દાવા મામલે મોદીની ટિકા બદલ ભાજપ લાલઘૂમ

નવી દિલ્હી,તા. ૨૩

નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરવા બદલ નાણાં પ્રધાન પી ચિદમ્બરમની ઝાટકણી કાઢતા ભાજપે આજે વિકાસના આંકડા અંગે આંકડાકીય ગુંચવણો ઉભી કરવાનો નાણાં મંત્રી પર આક્ષેપ કર્યો હતો અને કહ્યુ હતુ કે એનડીએ સરકારની સિદ્ધિઓ સાથે યુપીએના નવ વર્ષના શાસનની બિનજરૂરીરીતે સરખામણી કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠનેતા યશવંતસિંહાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે ચિદમ્બરમ સ્પષ્ટતા કરી શકે છે કે આજે વિકાસદર ૪.૮ ટકા કેમ છે. સિંહાએ એમ પણ કહ્યુ હતુ કે આ ગાળા દરમિયાન વિકાસદર સતત ઘટી રહ્યો છે ત્યારે તેમણે સ્પષ્ટતા કરવી જોઈએ. ચિદમ્બરમે આજે કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદીએ એનડીએના શાસન દરમિયાન વિકાસદરના આંકડા ખોટા રજુ કર્યા છે. સિંહાએ કહ્યુ હતુ કે બિનજરૂરીરીતે આંકડાકીય ગુંચવણ ઉભી કરવામાં આવી રહી છે. એનડીએના પાંચ વર્ષના સરેરાશ સાથે ચિદમ્બરમ નવ વર્ષની સરેરાશની સરખામણી કરી રહ્યા છે. એનડીએ સરકાર સત્તા પર આવી ત્યારે વિકાસદર ૪.૮ ટકાનો હતો અને જ્યારે ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારે સત્તા છોડી ત્યારે વિકાસદર ૮.૬ ટકા હતો. ચિદમ્બરમ આંકડાઓ સાથે આતંકવાદી રમત રમી રહ્યા છે. તેઓ માત્ર સરેરાશ સાથે સરખામણી કરી રહ્યા છે. ભૂતપૂર્વ નાણાં મંત્રીએ કહ્યુ હતુ કે એનડીએ દ્વારા પાંચ વર્ષના ગાળા દરમિયાન છ કરોડ રોજગારીની તકો ઉભી કરી હતી. જ્યારે યુપીએ સરકારે નવ વર્ષના ગાળા દરમિયાન તેની સરખામણીમાં અડધી પણ રોજગારીની તકો ઉભી કરી નથી. સિંહાએ કહ્યુ હતુ કે કોંગ્રેસ નરેન્દ્ર મોદીથી ખૂબ ભયભીત છે જેથી તેઓ કોઈ પણ પ્રહારની તક છોડતી નથી.

## સંપત્તિ પ્રકરણ : જગનમોહન રેડ્ડીને આખરે જામીન મળ્યા

નવી દિલ્હી, તા. ૨૩

આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં સીબીઆઈ કોર્ટ દ્વારા વાયએસઆર કોંગ્રેસના વડા જગનમોહન રેડ્ડીને આજે જામીન આપી દેવામાં આવ્યા હતા. એક વર્ષથી વધુ સમય સુધી જેલમાં રહ્યા બાદ જગનમોહનને આખરે જામીન મળી ગયા છે. જગનમોહને ૧૧મી સપ્ટેમ્બરે હૈદરાબાદમાં ખાસ અદાલત સમક્ષ જામીન અરજી કરી હતી અને એવા આધાર પર રાહતની માંગ કરી હતી કે સીબીઆઈ તપાસ જે તેમની સામે ભ્રષ્ટાચારના કેસમાં ચાલી રહી હતી તે પૂરી થઈ ચુકી છે. અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવાના આરોપસર ગયા વર્ષે ૨૭મી મેના દિવસે સીબીઆઈ દ્વારા જગનમોહનની ધરપકડ કરવામાં આવી હતી ત્યારબાદથી જગનમોહન જ્યુડિશિયલ રિમાન્ડ હેઠળ ચંચલગુડાની સેન્ટ્રલ જેલમાં હતા. સુપ્રીમ કોર્ટે નવમી મેના દિવસે વાયએસઆર કોંગ્રેસના નેતાની જામીન અરજી ફગાવી દીધી હતી અને તપાસ પરિપૂર્ણ કરવા સીબીઆઈને આદેશ કર્યો હતો સાથે સાથે ચાર મહિનાની અંદર ચાર્જશીટ દાખલ કરવાનો પણ આદેશ કર્યો હતો. આ કેસ ખાનગી કંપનીઓ અને વ્યક્તિગતો દ્વારા કરવામાં આવેલા રોકાણ સાથે સંબંધિત છે. જગનમોહનને જામીન મળ્યા બાદ તેમના સમર્થકોએ કોર્ટની બહાર જોરદાર ઉજવણી કરી હતી. જગનમોહનને જામીન મળ્યા બાદ આવતીકાલે જેલમાંથી બહાર આવશે.

## વિકાસદર અંગે મોદીનો દાવો બિલકુલ ખોટો છે : ચિદમ્બરમ

નવી દિલ્હી,તા. ૨૩

નાણાં પ્રધાન પી ચિદમ્બરમે આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર આક્ષેપ કરતા જણાવ્યું હતુ કે મોદી વાસ્તવિકતાનું બનાવટી એન્કાઉન્ટર કરે છે. તેમણે કહ્યુ હતુ કે એનડીએના શાસન દરમિયાન વિકાસદર ૮.૪ ટકા હતો તેવો મોદીનો દાવો બિલકુલ ખોટો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આ બાબત વાસ્તવિકતાથી ખૂબ દૂર છે. ચિદમ્બરમે ઉમેર્યુ હતુ કે ૧૯૯૮-૯૯થી ૨૦૦૩-૦૪ વચ્ચે અટલ બિહારી વાજપેયી સરકાર હેઠળ છ વર્ષના ગાળામાં સરેરાશ વિકાસદર છ ટકાનો હતો જ્યારે ૧૯૯૯-૨૦૦૦થી ૨૦૦૩-૦૪ના છેલ્લા પાંચ વર્ષના ગાળામાં વિકાસદર ૫.૯ ટકા હતો. એક નિવેદનમાં ચિદમ્બરમે કહ્યુ હતુ કે આની બિલકુલ વિરુદ્ધમાં કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારની પ્રથમ અવધિમાં વિકાસદર ૮.૪ ટકા હતો. જ્યારે યુપીએ-૨ના પ્રથમ ચાર વર્ષના ગાળા દરમિયાન વિકાસદર ૭.૩ ટકાનો હતો.

ચિદમ્બરમે તમામ આંકડાકીય માહિતી ઉપલબ્ધ કરાવીને વાસ્તવિકતા રજુ કરી હતી. ૨૦૦૦-૨૦૦૧માં વિકાસદર ૪.૩ ટકા હતો જ્યારે વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં વિકાસદર ૪ ટકા હતો. ચિદમ્બરમે વાજપેયી હેઠળ એનડીએના શાસનના છ વર્ષના ગાળા દરમિયાનમાં જીડીપીના વાસ્તવિક આંકડા રજુ કર્યા હતા.



વાજપેયી સરકારના શાસન દરમિયાન આર્થિક વિકાસદર ૮.૪ ટકા હતો તેવા મોદીના દાવાના સંબંધમાં ચિદમ્બરમે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. નાણાં મંત્રીએ કહ્યુ હતુ કે મોદી વાસ્તવિકતાને ધ્યાનમાં લીધા વગર આંકડા રજુ કરી રહ્યા છે. ચિદમ્બરમે એમ પણ કહ્યુ હતુ કે જો વિકાસ માટે સુવર્ણ ગાળાની વાત કરવામાં આવે તો આ ગાળો યુપીએ-૧નો પાંચ વર્ષનો ગાળો હતો.

## સમાચાર ઝલક

- ♥ રિઝર્વ બેંક નવી નીતિમાં રેપોરેટમાં ફેરફાર કરશે, ફુગાવાને ડામવાના પ્રયાસો.
- ♥ એસી ડબ્બામાં 'ઓટોમેટીક ડોર' અંગે રેલ્વેની યોજના.
- ♥ મોબાઇલની લત વિદ્યાર્થીનું ભણતર બગાડી નાખે છે, ૯૪% વિદ્યાર્થીઓ મોબાઇલનો ઉપયોગ કરે છે!
- ♥ પ્લાસ્ટીક સર્જરીથી ખુબસુરતી વધતી નથી, પ્લાસ્ટિક સર્જરી ટાળવા મહિલાઓને સલાહ.
- ♥ ઓખા-નાથદ્વારા વાયા અમદાવાદ ટ્રેઇન આજથી શરૂ થઇ, ગુજરાતનાં વૈષ્ણવોમાં આનંદ.
- ♥ આંધ્રમાં ટ્રેનનાં ડબ્બા ખડી પડતાં નાસભાગ
- ♥ ગઇ કાલનાં બોમ્બ હુમલા બાદ પાકિસ્તાનમાં ખ્રિસ્તી સમુદાયમાં દહેશત ફેલાઇ.
- ♥ આજે તા.૨૩મી સપ્ટેમ્બરે દિવસ અને રાત સરખા રહ્યા.
- ♥ મબલખ મગફળીથી સીંગતેલના ભાવમાં કડાકો, ગૃહિણીઓ ખુશખુશાલ.
- ♥ કુપોષણગ્રસ્ત વસ્તી પૈકી ૪૦ ટકા વસ્તી ભારતમાં છે.
- ♥ ગુજરાતની અદાલતોમાં દિવાળીનું ૧૧ દિવસનું વેકેશન જાહેર થશે, વકિલોમાં આનંદનું મોજું.
- ♥ ઓસ્ટ્રેલિયા સૌથી ખુશાલ દેશ, ૭૩% લોકો પાસે રોજગારી.
- ♥ સિરીયામાં વિદ્રોહીઓને જુસ્સો ટકાવવા પાડોશી દેશ ટ્યુનીશીયાની મહિલા દ્વારા 'સેક્સ જેહાદ' સેવા ચલાવાય છે.
- ♥ કેન્દ્રીય કર્મચારીઓની હજુ અનેક માંગણીઓ, ૫૦% ડીએમ મર્જ કરવું, સાતમું વેતન પંચ રચવું, પેન્શન સ્કીમ બાબત.
- ♥ લાંબા સમય ખુરશીમાં બેસી રહેવાથી આયુષ્ય ઘટે છે.
- ♥ કેટરીના કૈફે ફિલ્મોમાં દશકો પુરો કર્યો.
- ♥ સુરતમાં છેડતી કરનાર યુવાન પોલીસને જોઇ કુદી પડતા મોતને ભેટ્યો.
- ♥ મેઘરાજાની મહેરબાનીથી એક વર્ષના બ્રેક બાદ ફરી ઘઉંના બમ્પર પાકનો આશાવાદ
- ♥ ભાગલપુર રેલ્વે સ્ટેશન એસી કોચ આગમાં ભસ્મીભૂત થયો.
- ♥ રાજકોટમાં કલેકટર કચેરી સામે વિશાળ સંખ્યામાં ખેડૂતોનાં દેખાવો.
- ♥ વડોદરા જિલ્લાનાં પાદરામાં ગાયત્રી મંદિર પર વીજળી પડી.
- ♥ રાજસ્થાન કોંગ્રેસના બળાત્કારી પ્રધાન બાબુલાલ નાગર ફરાર થઇ ગયા.

## શોપીંગ મોલમાં ૩૦૦ પૈકીની ૭૦ દુકાનો ગુજરાતી લોકોની

અમદાવાદ,તા. ૨૩

નૈરોબીમાં શોપિંગ મોલમાં કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલામાં ઘાયલ થયેલા લોકો પૈકી મોટી સંખ્યામાં લોકો ગુજરાતી પણ છે. જાણકાર લોકોનું કહેવું છે કે આ શોપીંગ મોલમાં ૩૦૦ જેટલી દુકાનો આવેલી છે જે પૈકી ૭૦ ટકા દુકાનો ગુજરાતી લોકોની માલિકીની હોવાનું જાણવા મળ્યું છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે વિશ્વસનીય સૂત્રોને ટાંકીને આ અંગેના અહેવાલ પ્રકાશિત કર્યા બાદ એવી દહેશત દેખાઈ રહી છે કે ઘાયલ થયેલા લોકોમાં પણ ગુજરાતી લોકોની સંખ્યા સૌથી વધારે હોઈ શકે છે. બીજી બાજુ આ શોપીંગ મોલમાં હુમલો થયા બાદ જુદી જુદી જગ્યાઓએ પ્રાર્થનાઓનું આયોજન કરવામાં આવ્યું છે. હુમલો થયા બાદ જામનગર, કચ્છ, સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં લોકોએ નૈરોબીમાં ફોન કરવાની શરૂઆત કરી દીધી હતી. સ્વૈચ્છિક લોકો પણ બચાવ કામગીરીમાં જોડાઈ ગયા હતા. ગુજરાતી લોકોની મદદ કરવા માટે ઘણા કેમ્પ પણ બનાવવામાં આવ્યા છે. કેન્યામાં ગુજરાતી લોકોની ચિંતા અને સુરક્ષાને લઈને પણ હવે ચર્ચા ચાલી રહી છે. કચ્છના જુદા જુદા ભાગોમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્યામાં જે ગામના લોકો વધુ સક્રિય અને સ્થાઈ થયા છે તેમાં મિરઝાપર, મેધાપર, બલડિયા, મેઘાપર, નારણપર, મનકુવા, કેરા, અન્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. નૈરોબીમાં આ હુમલા બાદ ગુજરાતી લોકોનો સંપર્ક કરવા માટે સ્થાનિક સત્તાવારાઓ દ્વારા પણ પ્રયાસ કરી રહ્યા છે. બીજી બાજુ ભારતીય વિદેશ મંત્રાલય પણ ભારતીય લોકો અંગે માહિતી મેળવવા અંગે પ્રયાસમાં વ્યસ્ત છે. કેન્યામાં બાન કટોકટી આજે ત્રીજા દિવસે પણ યથાવત્ રહી હતી. હજુ ઘણા લોકોને બાનમાં પકડી રાખવામાં આવ્યા છે.

## સેન્સેક્સ ફરી વખત ૨૦ હજારની સપાટીથી નીચે

મુંબઈ, તા. ૨૩

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેકસ ૩૬૨ પોઈન્ટ ઘટીને ૧૯૯૦૦ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સે ૨૦૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી જ્યારે નિફ્ટી ૧૨૨ પોઈન્ટ ઘટીને ૫૮૯૦ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧.૩૫ ટકા અને ૦.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. શુક્રવારના દિવસે રિઝર્વ બેંકના નવા ગવર્નર રઘુરામ રાજને રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો સુધારો કર્યા બાદ શેરબજારમાં તીવ્ર મંદી પ્રવર્તી રહી છે. બીજી બાજુ રૂપિયામાં મંદીની સીધી અસર જોવા મળી રહી છે. દિવસ દરમિયાન રૂપિયો આજે નબળો રહ્યો હતો. એશિયન બજાર પણ મંદીના સકંજામાં રહ્યા હતા. સંઘાઈમાં સુધાર જોવા મળ્યો હતો. જાપાનના બજારોમાં આજે રજા રહી હતી. ઘરઆંગણે કન્ઝ્યુમર ડ્યુરેબલ, આઈટી અને ટેક ઈન્ડેક્સ સિવાય તમામ અન્ય સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી રહી હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ, આઈટી, ટેક ઈન્ડેક્સમાં ૦.૪-૨.૪ ટકા સુધી સુધારો રહ્યો હતો. રેટલક્ષી બેકિંગ અને રિયાલિટી ઈન્ડેક્સમાં સૌથી કફોડી હાલત જોવા મળી હતી. આમાં ચાર ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્સ, પીએસયુ, પાવર, ઓઈલ એન્ડ ગેસ, એફએમસીજી અને ઓટો ઈન્ડેક્સમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. આ તમામમાં ૧-૩ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ નકારાત્મક માહોલ સાથે રહી હતી. ૩૦ શેર પૈકી સેન્સેક્સના ૨૨ શેર મંદીમાં રહ્યા હતા અને આમાં ઓછામાં ઓછ ૦.૭ ટકા જેટલો ઘટાડો રહ્યો હતો. આજના કારોબાર દરમિયાન જે શેરમાં સુધારો થયો હતો તેમાં શિસાગોવા અને હિન્ડાલ્કોમાં ૨-૩ ટકાનો સમાવેશ થાય છે. કોલ ઈન્ડિયા, ડોક્ટર રેડ્ડી અને હિરો મોટરમાં ૦.૯થી ૧.૨ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. વિપ્રો, ટીસીએસ, ઈન્ફોસિસ જેવા આઈટીના શેરમાં ૦.૮-૧.૭ ટકા સુધીનો સુધાર રહ્યો હતો. એસબીઆઈ, ઓએનજીસી, આઈસીઆઈઆઈ બેંક, મારૂતિ સુઝુકી, એલએન્ડટી, એચડીએફસી અને ભેલમાં ૪-૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. તાતા પાવર, એનટીપીસી, જિંદાલ સ્ટીલ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, તાતા સ્ટીલમાં ૨-૩.૬ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ આજે નકારાત્મક રહી હતી. ૧૩૧૪ શેર મંદીમાં રહ્યા હતા જ્યારે ૧૦૦૦ શેર તેજીમાં જોવા મળ્યો હતા.

### શ્રીનગરમાં આતંકવાદી હુમલો : એકનું મોત થયુ

શ્રીનગર, તા.૨૩

શ્રીનગર શહેરમાં આજે થયેલા આતંકવાદી હુમલામાં સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ(સીઆઇએસએફ)ના જવાનનું મોત થયુ હતુ જ્યારે અન્ય એક જવાનને ઇજા થઇ હતી. આજે સવારે ૧૦.૨૫ વાગ્યાની આસપાસ ઇકબાલ પાર્ક નજીક આ હુમલો કરવામાં આવ્યો હતો. સીઆઇએસએફના જવાને પાર્ક નજીક વ્યસ્ત માર્કેટમાં શોપિંગ કરી રહ્યા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે આતંકવાદીઓની સંખ્યા પણ બેની હતી. આ લોકોએ સાયલન્સર વાળી પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો.

પોઈન્ટ બ્લેન્ક રેન્જથી જવાન પર હુમલો કરવામાં આવ્યો હતો. આ બંને જવાનોની પાસે એ વેળા કોઈ પણ હથિયાર ન હતા. ઘાયલ થયેલા સીઆઇએફના જવાનોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પરંતુ આ પૈકી એકનું મોત થયુ હતુ. અન્ય એકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. સુરક્ષાદળો દ્વારા સમગ્ર વિસ્તારને સીલ કરીને હુમલાખોરોની શોધખોળ હાથ ધરાઈ છે.

### મોંઘેરા મોતી (અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

(અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

પહેલાં કહેવાતું કે, 'Do or Die' પછી કહેવાયું કે, Do before Die પણ હું કહું છું કે, Do why Die.

મૌલેશભાઇ ઉકાણીને તમે વાંચો ત્યારે તમને ભાર નથી લાગતો, પણ ભાવ જન્મે છે. કશુંક સારૂં કરી નાખવાનું શૂરાતન ચઢે છે. આવું એટલે શક્ય બને છે કે, આ માણસ વાત, વતેવાર અને વિઝનમાં પણ એટલા જ ઇમાનદાર અને પોઝિટિવ છે!

મૌલેશભાઇના સંસારયાત્રી એ આદરણીય સોનલ બહેન. તેના પ્રદાનને બિરદાવવું એ અમારૂં કર્તવ્ય છે, અમારો ધર્મ છે. મૌલેશભાઇના અર્ધાંગિની તરીકે પણ તેઓ સફળ રર્યા છે. તેની સાક્ષી છે મૌલેશભાઇનું વ્યક્તિત્વ. આ દંપતિના સંતાનોમાં ચિ. જય અને રાધા એ પણ ઉકાણી પરિવાર ના સઘળા વારસાને જાળવ્યો છે. તેનાથી દાદા ડાહ્યાભાઇ અને દાદી લાભુબહેન નજર સામે સુખદ અનુભૂતિ કરતા હોય, એથી વિશેષ ધન્યતા કઇ હોય?

આવો, આપણે સૌ સાથે મળી દ્વારકાધીશને અર્ચના કરીએ કે, જિંદગીને રંગીન અને સંગીન બનાવતા અણમોલ જિંદગીના માલેક મૌલેશભાઇ હંમેશા સ્વસ્થ, પ્રસન્ન રહી સાદગી+બંદગીથી ઉન્નત શિખરો પ્રાપ્ત કરે અને સમાજની, સૌની સેવા કરતાં રહે એવી શુભકામના અને અભિનંદન આપીએ.

ગંગાસતીએ ગાયું છે :

સ્થિરતાએ રહેજો ને વચનમાં ચાલજો,
ને રાખજો રૂડી રીત રે...

મન શાંત અને સ્થિર જોઇએ. સ્થિર મન એટલે થીજી ગયેલું મન નહીં.

## પાકિસ્તાનમાં અમેરિકી ડ્રોન હુમલો : ૬ ત્રાસવાદીના મોત

### ઉત્તરપશ્ચિમ પાકના વિસ્તારમાં આતંકવાદીના બે અડ્ડાને ટાર્ગેટ બનાવી ૪ મિસાઈલો ઝીંકાઈ : અનેક લોકો ઘાયલ

ઇસ્લામાબાદ,તા.૨૩

ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનમાં અમેરિકાએ ફરી એકવાર ડ્રોન હુમલાઓ કર્યા છે. આ ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા છ આતંકવાદીઓ માર્યા ગયા છે. પાકિસ્તાની સરકાર અને અન્ય રાજકીય પક્ષો દ્વારા ડ્રોન હુમલા સામે જોરદાર વિરોધ થઈ રહ્યો હોવા છતાં અમેરિકાએ એક પક્ષીય રીતે હુમલાઓનો દોર જારી રાખ્યો છે. સુરક્ષા અધિકારીઓએ આજે માહિતી આપતા જણાવ્યું હતું કે ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનના આદિવાસી વિસ્તારમાં આતંકવાદીઓના અડ્ડા ઉપર મિસાઈલો ઝીંકવામાં આવી હતી. બે અડ્ડાઓ ઉપર મિસાઈલો ઝીંકાઈ હતી. મળેલી માહિતી મુજબ ઉત્તરિય વજિરિસ્તાન એજન્સીના સવાલ વિસ્તારમાં બે આતંકવાદી અડ્ડાને ટાર્ગેટ બનાવીને ડ્રોન મારફતે ચાર મિસાઈલો ઝીંકવામાં આવી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ હુમલામાં છ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જ્યારે અન્ય ચાર લોકો ઘાયલ થયા છે.

માર્યા ગયેલા આતંકવાદીઓ પૈકી કેટલાક વિદેશી મૂળના હોવાનું પણ જાણવા મળ્યું છે. પાકિસ્તાન તરફથી વારંવાર જોરદાર વિરોધ થઈ રહ્યો હોવા છતાં અમેરિકાએ તેના ડ્રોન હુમલાઓ બંધ કર્યા નથી. અમેરિકાનું કહેવું છે કે આતંકવાદીઓનો ખાતમો બોલાવવાના હેતુસર આ હુમલા કરાઈ રહ્યા છે. અગાઉ અમેરિકાના વિદેશ પ્રધાન જહોન કેરીએ એવો સંકેત આપ્યો હતો કે પાકિસ્તાનના આદિવાસી વિસ્તારોમાં ડ્રોન હુમલાઓનો ટૂંકમાં જ અંત લાવવામાં આવશે. પ્રથમ વખત અમેરિકાએ એવો સંકેત આપ્યો છે કે ડ્રોન હુમલાઓ ટૂંકમાં જ બંધ કરવામાં આવશે. જો કે અમેરિકાએ હજુ સુધી હુમલાઓ જારી રાખીને આતંકવાદીઓનો ખાતમો બોલાવવાનો દોર યથાવત્ રાખ્યો છે. અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો પણ આને લીધે તંગ બન્યા છે.